અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફીસ
સરદાર પટેલ ભવન, દાણાપીઠ અમદાવાદ ૩૮૦૦૦૧
પરિપત્ર નં.૮૨ તારીખ :૧૩.૧૨.૨૦૨૪

## સ્વચ્છ ભારત મિશન 2.0

## સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૪ અંગે વિવિધ જન - જાગૃતિ કાર્યક્રમો કરવા અંગે

આગામી સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૪ કુલ ૯૫૦૦ માર્ક્સ આપવામાં આવનાર છે. જેમાં જન આંદોલન કે જેના માર્ક્સ ૧૨૯૫ છે તે અન્વયે નાગરિકોની મહત્તમ ભાગીદારી મેળવવા અને સિટીઝન ફીડબેક હેઠળ વધારેમાં વધારે હકારત્મક પ્રતિભાવો મળે તે અંગે વિવિધ જન – જાગૃતિ કાર્યક્રમો અને આઈ.ઈ.સી. મોટા પાયે હાથ ધરવી આવશ્યક છે.

આ ઉપરાંત અમદાવાદ શહેરને ભારતમાં સ્વ્છ્તમ શહેર બનાવવાની દિશામાં શહેરમાંથી દૈનિક સરેરાશ એકત્ર કરવામાં આવતા કચરો ઘેર - ઘેર થી સૂકો અને ભીનો કચરો છુટો આવે (segregation at source) તે ખુબ જ જરુરી હોઈ શહેરના નાગરિકો આમાં જોડાય અને અમદાવાદને સ્વચ્છ શહેર બને તે માટે ઘર – દુકાન – કોમર્શિયલ એકમોમાંથી તેઓંનો કચરો સુકા – ભીના મુજબ અલગ-અલગ કરીને આપવા તેમજ સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લેવડાવવા અંગે સહિતનાં વિવિધ જન-જાગૃતિ કાર્યક્રમો બાબતે નીચે મુજબથી જણાવેલ સંબધિત વિભાગોનાં અધિકારીઓ – કર્મચારીઓને તેઓનાં ખાતાને લગતા કામની સાથે સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૪ પૂર્ણ ન થાય ત્યાં સુધી હાથ ધરવાનાં રહેશે.

| ક્રમ | વિભાગ | લાગુ પડતાં ખાતાનાં અધિકારી | કામગીરીની વિગત |
|---|---|---|---|
| 1. | હેલ્થ વિભાગ | મેડીકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી | • મ્યુનિસિપલ અર્બન સેન્ટરોની મુલાકાતે આવતા નાગરિકોને શહેરને સ્વચ્છ રાખવા, સોર્સ-સેગ્રીગેશન, ગમે ત્યાં ન થૂંકવા સહિતનાં વિષયો અંગે સમજૂત કરવા<br>• સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી.<br>• હેલ્થ વર્કરો – લીંક વર્કરોની ક્ષેત્રીય મુલાકાત દરમ્યાન લાભાર્થીઓમાં સ્વચ્છતા બાબતે જાગૃતિ આપવી.<br>• તળાવની આજુબાજુનાં વિસ્તારોમાં નાગરીકોને સ્વચ્છતા રાખવા સમજૂત કરવા અને કચરાને ડોર ટુ ડોર વાહનમાં જ આપવા સમજૂત કરવા અને સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી. |
| 2. | તમામ મ્યુનિસિપલ જનરલ હોસીપટલ અને પ્રાઈવેટ હોસ્પિટલો | સુપ્રિટેન્ડન્ટશ્રીઓ (તમામ હોસ્પિટલ)<br>ડે.હેલ્થ ઓફિસરશ્રીઓ (તમામ) | • તમામ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ અને પ્રાઈવેટ હોસ્પિટલો હોસ્પિટલોની મુલાકાતે આવતા નાગરિકોને શહેરને સ્વચ્છ રાખવા, સોર્સ-સેગ્રીગેશન, ગમે |

| ક્રમ | વિભાગ | લાગુ પડતાં ખાતાનાં અધિકારી | કામગીરીની વિગત |
|---|---|---|---|
| | | | ત્યાં ન થૂંકવા સહિતનાં વિષયો અંગે સમજૂત કરવા |
| 3. | ગાર્ડન વિભાગ | સ્પેશિયલ ડાયરેક્ટરશ્રી (પાર્ક્સ અને ગાર્ડન) | • મ્યુનિસિપલ બગીચાઓની મુલાકાતે આવતા નાગરીકો – મોર્નીંગ વોકર્સને સોર્સ-સેગ્રીગેશન, સ્વચ્છતા અંગે જાગૃતિ આપવી અને સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી.<br>• મ્યુનિસિપલ ગાર્ડનમાં RRR થીમ આધારિત સંદેશા પ્રસારિત કરવા. |
| 4. | પ્રોપર્ટી ટેક્સ વિભાગ<br>પ્રોફેશનલ ટેક્સ / ગુમાસ્તાધારા વિભાગ<br>વ્હીકલ ટેક્સ વિભાગ | એસેસર અને ટેક્સ કલેક્ટરશ્રી<br>ડે.એસેસર અને ટેક્સ કલેક્ટરશ્રી(તમામ ઝોન) | • CA એસોસિએશન, ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી મંડળો, GIDC વગેરે સાથે સંકલન કરી સ્વચ્છતા અંગેનાં કાર્યક્રમો કરવા અને સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી.<br>• ટેક્સ ઈન્સ્પેકટરો દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમ્યાન મુલાકાત લીધેલ એકમોને સોર્સ – સેગ્રીગેશન અને સ્વચ્છતા માટે જાણકારી આપવી અને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવી.<br>• ટેક્સ બીલ ઉપર સ્વચ્છતા અંગેના સંદેશા પ્રસિધ્ધ કરવા.<br>• વાહનોની નોંધણી થાય તે તમામ નાગરીકોને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવી. ટોકન – રસીદ ઉપર સ્વચ્છતાનાં સંદેશા છપાવવા. |
| 5. | મ્યુનિસિપલ શાળાઓ | શાસના અધિકારીશ્રી | • તમામ સરકારી – પ્રાયવેટ અને મ્યુનિસિપલ શાળાનાં બાળકોમાં સ્વચ્છતા અંગેની જાણકારી બાબતે નિબંધ, ચિત્ર, વકૃત્વ સ્પર્ધા યોજવી.<br>• વોર્ડ સો.વે.મે. વીભાગ સાથે સંકલન કરી રેલીઓ, નુક્કડ નાટકો યોજવા. |
| 6. | માધ્યમિક શાળાઓ | એડમિનીસ્ટ્રેટીવ ઓફિસરશ્રી | |
| 7. | એસ્ટેટ વિભાગ | ડે.એસ્ટેટ ઓફિસરશ્રી (તમામ ઝોન) | • બિલ્ડર એશોસિસેશન, CREDAI – GIHED નાં સભ્યોનો સંપર્ક કરી સોર્સ – સેગ્રીગેશન અને સ્વચ્છતા માટે જાણકારી આપવી અને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવી.<br>• શાકમાર્કેટો, વેંડીંગ ઝોનમાં પ્રતિબંધીત |

| ક્રમ | વિભાગ | લાગુ પડતાં ખાતાનાં અધિકારી | કામગીરીની વિગત |
|---|---|---|---|
| | | | પ્લાસ્ટીક ઉપયોગ ન કરવા અને કચરાનાં ડબ્બા રાખવા બાબતે સમજૂતી આપવી.<br>• બલ્ક વેસ્ટ જનરેટરોને ઓન-સાઇટ પ્રોસેસીંગ માટે પ્રોત્સાહિત કરવા. |
| 8. | ફૂડ વિભાગ | એડી.એમ.ઓ.એચ.શ્રી(ફૂડ) | • શહેરના તમામ હોટલ – રેસ્ટોરન્ટ કીચન વેસ્ટ પ્રોસેસીંગ માટે સમજૂત કરવા.<br>• ખાણી-પીણી એકમોનાં એસોસિએશનનાં પ્રતિનિધીઓ સાથે મળી સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરવા અને ઇકોફ્રેંડલી ઓપ્શન ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા. |
| 9. | કાંકરિયા લેકફ્રન્ટ વિભાગ | ડે.એચ.ઓ.ડી.શ્રી (કાંકરીયા લેકફ્રન્ટ) | • લેકફ્રન્ટની પી.એ. સીસ્ટમોમાં સમજુતી આપતી ઓડિયો કલીપ વગાડવી.<br>• લેકફ્રન્ટની મુલાકાતે આવતા નાગરિકો દ્વારા જાહેરમાં ગંદકી કરવા અંગે સમજૂત કરવા અને પેનલ્ટી કરવા બાબતે કામગીરી કરવી, શપથ લેવડાવવા સતત ટીમ રાખવી તથા તેના રેકર્ડ રાખવા. |
| 10. | રીવરફ્રન્ટ | જનરલ મેનેજરશ્રી (SRFDCL) | • પ્રોજેક્ટ વિસ્તારમાં નાગરિકોમાં જન – જાગૃતિ આવે તે હેતુસર રીવરફ્રન્ટની અને અટલ બ્રિજની પી.એ.સિસ્ટમોમાં સેગ્રીગેશનની સમજુતી આપતી ઓડિયો કલીપ વગાડવી.<br>• તમામ ફૂડ કોર્ટ અને દુકાનોમાં વાદળી અને લીલા કલરના ડસ્ટ બિન ફરજીયાતપણે રાખવા તેમજ કચરાનું સેગ્રીગેશન થાય તેનું પાલન કરાવવું. ન્યુસન્સ જણાય આવે તેવા એકમોને પેનલ્ટી વસુલવી.<br>• તમામ મુલાકાતીઓ શપથ લે તે અંગે આયોજન કરવું શપથ લેવડાવવા તથા રેકર્ડ રાખવા. |
| 11. | યુ.સી.ડી.વિભાગ | ડાયરેક્ટરશ્રી(યુ.સી.ડી.) | • સખી મંડળની બહેનો મારફતે ક્ષેત્રીય કામગીરી દરમ્યાન સોર્સ સેગ્રીગેશન અંગે નાગરીકોને જાગૃતિ આપવા |

| ક્રમ | વિભાગ | લાગુ પડતાં ખાતાનાં અધિકારી | કામગીરીની વિગત |
|---|---|---|---|
| | | | સમજૂત કરવા.<br>• સ્લમ એરિયા ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ તથા નાઈટ સેલ્ટરોમાં સ્વચ્છતા બાબતે સમજૂત કરવા<br>• સ્વચ્છતાની પ્રતિજ્ઞા મોટા પાયા પર લેવડાવવી. |
| 12. | આઈ.સી.ડી.એસ. વિભાગ | એડી.એમ.ઑ.એચ.શ્રી | • આંગણવાડી વર્કરો મારફતે મહિલાઓને સોર્સ સેગ્રીગેશન અંગેની જાણકારી આપવા બાબતે મહિલા મિટિંગો યોજવી.<br>• સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી. |
| 13. | AMTS | ડે.ટ્રાન્સપોર્ટ મેનેજર(AMTS) | • AMTS બસ સ્ટેશન અને ટર્મિનસની અંદર વિગેરે સ્થળોએ સફાઈ કરાવવી અને શપથ લેવડાવવા તથા રેકર્ડ રાખવા.<br>• બસોની PA સિસ્ટમમાં સ્વચ્છતા અંગેની ઓડિયો ક્લીપ વગાડવી.<br>• સ્ટેશનો ઉપર જાહેરમાં થૂંકતા – ગંદકી કરતા ઈસમોને સમજૂત કરવા જરૂ જણાયે પેનલ્ટી વસુલાત કરવી.<br>• દરેક બસ ટર્મિનસો ઉપર સ્વચ્છતા સંદેશાનાં બેનર્સ – સ્ટીકરો – સ્ટેન્ડીઑ મૂકાવવી. |
| 14. | BRTS વિભાગ | જનરલ મેનેજરશ્રી (BRTS વિભાગ) | • બી.આર.ટી .એસ. બસોની અંદર અને ટર્મિનસ વિગેરે સ્થળોએ શપથ લેવડાવવા તથા રેકર્ડ રાખવા.<br>• બસોની PA સિસ્ટમમાં સ્વચ્છતા અંગેની ઓડિયો ક્લીપ વગાડવી.<br>• બી.આર.ટી..એસ. બસમાં અને સ્ટેશનો ઉપર જાહેરમાં થૂંકતા – ગંદકી કરતા ઈસમોને સમજૂત કરવા જરૂ જણાયે પેનલ્ટી વસુલાત કરવી.<br>• દરેક બસ ટર્મિનસો ઉપર સ્વચ્છતા સંદેશાનાં બેનર્સ – સ્ટીકરો – સ્ટેન્ડીઑ મૂકાવવી. |
| 15. | સ્માર્ટ સિટી | જનરલ મેનેજરશ્રી (એડમીન) | • શહેરમાં લગાવેલ ડિજિટલ સ્ક્રીન ઉપર સ્વચ્છતા અંગેનાં સંદેશા પ્રસારિત કરવા.<br>• સ્માર્ટ ટોયલેટ ઉપર સ્વછતા સંદેશા |

| ક્રમ | વિભાગ | લાગુ પડતાં ખાતાનાં અધિકારી | કામગીરીની વિગત |
|---|---|---|---|
| | | | લગાવવા.<br>• સ્માર્ટ સિટી એપ્લીકેશન મારફતે નાગરીકોમાં સ્વચ્છતા અંગે પ્રચાર કરવો. |
| 16. | કાંકરીયા ઝૂ | ઝૂ સુપ્રિટેન્ડન્ટશ્રી | • ઝૂ ની મુલાકાતે આવતાં નાગરીકોને સ્વચ્છતા અંગે જાગૃતિ આપવી.<br>• ઝૂ ની ટીકીટ ઉપર સ્વચ્છતા અંગેનાં સંદેશા આપવા. |
| 17. | પુસ્તકાલય | ગ્રંથપાલશ્રી | • શહેરમાં આવેલાં મ્યુનિસિપલ પુસ્તકાલયોમાં નાગરીકોને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવી.<br>• સ્વચ્છતાનાં સદેશા સાથેની QR કોડ માટેની સ્ટેન્ડીઓ બનાવી મૂકાવવી. |
| 18. | ઇ-ગવર્નન્સ વિભાગ | મેનેજરશ્રી<br>(ઇ-ગવર્નન્સ વિભાગ) | • AMC વેબસાઇટ ઉપર સ્વચ્છતાનાં સંદેશા સ્ક્રોલ કરાવવા.<br>• સ્વચ્છતા પ્રતિજ્ઞા અંગેની વિગતો મૂકવી. |
| 19. | પ્લાનિંગ વિભાગ | પ્લાનીંગ ઓફિસરશ્રી | • તમામ આધાર કેન્દ્રો પર મુલાકાતે આવતાં નાગરીકોને સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી અને રેકર્ડ રાખવા. |
| 20. | જિમ્નેશિયમ અને સ્નાનાગાર | મેનેજરશ્રી(રીક્રીએશન) | • તમામ જિમ્નેશિયમો અને સ્નાનાગાર ખાતે સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવી અને રેકર્ડ રાખવા. |

ઉપરોક્ત દર્શાવેલ વિભાગોએ કરવાની થતી કામગીરી સંબધિત સબઝોનનાં આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રીની સીધી દેખરેખ હેઠળ તાબા હેઠળના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને સાથે રાખીને કરવાનું રહેશે. તમામ વિભાગની માહિતી એકત્ર કરી સંકલિત રિપોર્ટ ઝોનલ કક્ષાએથી સો.વે.મેં. વિભાગના ડે.ડાયરેક્ટરશ્રીએ સો..વે..મેં..મધ્યસ્થ કચેરી ખાતે મોકલી આપવાનો રહેશે. આ અંગેનું ઓવરઓલ મોનીટરીંગ ઝોનલ ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીની કક્ષાએથી કરવાનું રહેશે.

**સહી :- એમ. થેન્નારસન**

**મ્યુનિસિપલ કમિશનર**